પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી, મજુર અદાલત, ભાવનગર સમક્ષ.

રેફ.(એલ.સી.બી) કેસ નં. ૩૨૩/૨૦૦૦.

અરજદાર : શ્રી મનોજ બાબુ નૈયા,
C/O. સફાઈ કામદાર સંઘ, જમનાકુંડ, ન્યુ હાઉસ કોલોની,
ભાવનગર.

<u>વિ રુ દ્ધ.</u>

સામાવાળા : કમિશ્નરશ્રી,
ભાવનગર મહાનગરપાલીકા,
ભાવનગર

હાજર રહયા : અરજદાર તરફે : યુ. પ્રતિ. શ્રી બચુભાઈ ગોહીલ.
સામાવાળાઓ તરફે : વિ. વ. શ્રી એન. કે. જોષી

**–: એ વો ર્ડ :–**

(૧) હાલના અરજદારે સામાવાળા વિરુધ્ધ વિવાદ ઉપસ્થિત કરતાં તે વિવાદમાં સમાધાન નિષ્ફળ જતા મદદનિશ શ્રમ આયુકત ભાવનગરનાઓએ તેઓના હુકમ નં. કે.એચ./એસ. એચ. એમ. સી./ બી.એચ.એ./ એ.જે.બી./ આઈ.ડી.આર./<u>૪૫૩/૯૯/૮૭૯૮</u> થી <u>તા.૮/૧૨/૨૦૦૦</u> ના રોજ પક્ષકારો વચ્ચેના વિવાદના ન્યાયિક નિર્ણય માટે સદર રેફરન્સ અત્રેની અદાલતને સુપ્રત કરેલ છે.

<u>અનુસુચી</u>

"શ્રી મનોજ બાબુ નૈયા ને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૨. અરજદાર તરફે રજુ માંગણાનું નિવેદન મુજબ તેમની હકીકત ટુંકમા એવી છે કે, અરજદાર ભાવનગર મહાનગરપાલીકામાં હેલ્થ વિભાગમાં કોન્ઝરવન્સી ખાતે સફાઈ કામદાર તરીકે વર્ષોથી રોજમદાર તરીકે કામ કરતા હતા. અરજદારને મહાનગરપાલીકાએ <u>તા.૧૫/૧૦/૯૭</u> થી કોઈ પણ જાતની કસુર વગર નોકરીમાંથી કીન્નાખોરી અને રાગધ્વેષ રાખી છુટા કરેલ છે.

અરજદારે અલગ રીતે તથા તેમના સંઘે, શ્રી કમીશ્નરશ્રી, મહાનગરપાલીકાને રજુઆત કરેલી હતી પરંતુ મહાનગરપાલીકાએ આ અંગે કોઈ જવાબ આપેલ નથી કે ફરી નોકરી ઉપર લેતા નથી. મહાનગરપાલીકાએ છુટા કરતી વખતે અરજદારને નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર આપેલ નથી અને નોકરીમાંથી છુટા કરવાનુ કારણ પણ આપેલ નથી. રેફરન્સ (આઈ. ટી.) નં.૨૯૫/૯૯ માં તેઓ કાયમી ન થઈશકે તે માટે તેઓને મહાનગરપાલીકાએ કીન્નાખોરી અને રાગધ્વેષ રાખી છુટા કરેલ છે. મહાનગરપાલીકાનું આ પગલુ "અનફેર લેબર પ્રેકિટસ" નું છે. અરજદારને મહાનગરપાલીકાએ છુટા કરેલ છે તે હુકમ ગેરકાયદેસર છે તેવુ ઠરાવી આપવા મુળ જગ્યાએ પડેલા સળંગતા સાથે દીવસો ના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા હુકમ કરવા તથા રેફરન્સ પાછળ નો ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

૩. સામાવાળા ધ્વારા લેખીત જવાબ રજુ કરી, માંગણા નિવેદન માની હકીકતો નો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને વિશેષમા જણાવેલ છે કે, સામાવાળાને ત્યાં કાયમી પ્રકારનુ સેટઅપ છે અને જયારે સેટઅપમાં જગ્યા મંજુર ન થઈ હોય, અને ચોકકસ સીઝનમાં તાત્કાલીક સફાઈની જરુરત પડતી હોય, જરુરીયાત મુજબના રોજમદારો ચોકકસ શરતોએ રાખવામાં આવતા હોય છે. કોન્ઝરવન્સી શાખામા અરજદારને ચોકકસ સમય માટે ચોકકસ દિવસો માટે કામે રાખવામા આવેલ અને અરજદાર જાતે સદરહુ સમય પુરો થતા આપોઆપ છુટા થઈ જતા હતા. એમ.ઓ.એચ. તથા એસ.આઈ. ધ્વારા બનાવવામાં આવેલ વર્ષ–૧૯૮૮ થી ૨૦૦૨ સુધીનુ અરજદારનુ રોજમદાર તરીકેનુ કામગીરીનું પત્રક આ કામે દસ્તાવેજી પુરાવાના લીસ્ટથી રજુ છે, અને આ સિવાય અરજદારે તેમને ત્યાં કયારેય ફરજ બજાવેલ નથી. અરજદારે માંગણના નિવેદનમાં માંગેલ દાદ કે દાદો મેળવવા હકકદાર નથી. અરજદાર જે યુનિયનના સભ્ય છે તે યુનિયન ધ્વારા સામાવાળાને ત્યાં ઔદ્યોગીક અદાલતમાં અલગથી સમાધાન કરેલ છે, જે હકીકતોને તેઓ વળગી રહે છે. અરજદાર તમામ તબકકે નામદાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરી આ કામે તેમના નિવેદનના આધારે એવોર્ડ મેળવવા તકરાર ઉઠાવેલ હોય, અરજદારને કોઈ દાદ કે દાદો ન આપવા અરજ કરેલ છે.

૪ ત્યારબાદ સબબ કામ અરજદારના પુરાવા ઉપર હોય તેમજ અરજદારને પુરાવો રજુ કરવા વ્યાજબી અને પુરતો સમય આપેલ હોય પરંતુ અરજદારે પુરાવો રજુ કરેલ ન હોય જેથી અત્રેની અદાલત ધ્વારા તા.૧૪/૫/૨૦૧૮ ના રોજ અરજદારના પુરાવાનો હકક બંધ કરેલ છે તથા

અરજદાર નો પુરાવા નો હકક બંધ થયેલ હોય, સામાવાળાના પુરાવાનો હકક પણ બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સબબ કામ આજરોજ અરજદારની દલીલ માટે હોય પરંતુ અને રોજકામ જોતાં અરજદાર તરફે કોઈ રજુઆત કે રીપોર્ટ ન હોય કે દલીલ પણ થયેલ નહોય અત્રેની અદાલત ધ્વારા અરજદારની દલીલનો હકક બંધ કરવામાં આવેલ. સામાવાળા તરફે વિ.વ.શ્રી એ કરેલ દલીલો નો ટુંકસાર એવો છે કે અરજદાર પક્ષે પુરાવો રજુ કરેલ નથી અને માંગણા નિવેદન માની હકીકત પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોઈ, રેફરન્સ નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

૫. સદર કામે આ કેસના આખરી નિકાલ અર્થે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં તેમના પડેલા દિવસોના પગાર સહિત તેઓની મુળ જગ્યાએ સળંગ નોકરી થી પુનઃસ્થાપિત થવા હકકદાર છે ?

૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

૧) નકારાત્મક.

૨) આખરી હુકમ મુજબ.

**<u>:—:કારણો:—:</u>**

**<u>મુદ્દાનં.૧ :—</u>**

૭. સદર કામનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ જોતાં જણાય છે કે, અરજદાર તરફે માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાઓ તરફે જવાબ રજુ કરવામાં આવેલ. ત્યારબાદ સબબ કામ અરજદારના પુરાવા ઉપર હોય અરજદારે ઘણા સમય સુધી પુરાવો રજુ નહી કરતાં તા.૧૪/૦૫/૨૦૧૮ ના રોજ અરજદારના પુરાવાનો હકક બંધ કરેલ છે તેમજ અરજદાર નો પુરાવા નો હકક બંધ થયેલ હોઈ, સામાવાળાનો પણ પુરાવાનો હકક પણ બંધ કરેલ છે. ત્યારબાદ આજરોજ અરજદારની દલીલનો હકક બંધ કરેલ છે.

અરજદાર પક્ષે પોતાના કેસને સંબંધીત પુરાવા રજુ કરી પોતાનો કેસ પુરવાર કરવો એટલો જ જરુરી છે. આ કામે અરજદાર ધ્વારા રેફરન્સ દાખલ થયા બાદ માંગણાનું નિવેદન જ રજુ કરેલ છે. પરંતુ તે હકીકતો સાબીત કરવા માટે કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેથી અત્રેની અદાલત ધ્વારા સ્ટેજ બાય સ્ટેજ તમામ સ્ટેજો પુરા કરવામાં આવેલ છે. જે આ કામે અરજદાર ધ્વારા પુરાવો રજૂ કરવા કોઈ તસ્દી લીધેલ નથી તથા રજુ દસ્તાવેજ પુરાવો યોગ્યરીતે પુરવાર કરવાની દરકાર લીધેલ નથી. અને અરજદારને પુરતો, વ્યાજબી અને ન્યાયી સમય આપેલ છે અને હાલનો આ રેફરન્સ ઘણો જુનો છે. જેથી અરજદારનાએ તેમની હકીકત માંગણાના નિવેદન માની હકીકત સબંધે પુરાવા રજુ કરેલ ન હોય, તેમની માંગણા નિવેદન માની હકીકત પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ હોઈ, આ રેફરન્સ રદૃ કરવા સિવાય કોર્ટ સમક્ષ બીજો કોઈ વીકલ્પ રહેતો નથી. જેથી સબબ મુદ્દા નં.૧ નો નિર્ણય "નકારાત્મક" ઠરાવવામાં આવે છે. તથા ઉપરોકત હકીકતે મુદ્દા નં.૨ અન્વયેનો છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**હુકમ**

રેફરન્સ આથી નામંજુર કરવામાં આવે છે.

અરજદાર ને સામાવાળા ધ્વારા નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરાયેલાનુ પુરવાર થયેલ ન હોઈ, તેઓ તેમની અસલ જગ્યાએ પડેલા દિવસો ના પગાર સહીત સળંગતા સાથે પુનઃસ્થાપિત થવા હકકદાર નથી એવુ ઠરાવવામાં આવે છે.

બંને પક્ષોએ આ કામે પોતપોતાને થયેલ ખર્ચ જાતે ભોગવવો.

ભાવનગર.
તા. ૦૩/૦૭/૨૦૧૮.

મહંમદઆરીફ નૂરમહંમદ શેખ (GJ00611) ,
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત, ભાવનગર.